# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૨ તા.૦૯-૦૮-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- તા.૧૦/૦૮/૨૦૨૧ના રોજ યોજાનાર ટેલીકોન્ફરન્સ નિહાળવા બાબત.
સંદર્ભ:- ક્રમાંક : રાપબો/અવિપ/૨૦૨૧/૬૫૩૧-૮૬ તા.૦૯-૦૮-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શિક્ષક સજ્જતાના સર્વેક્ષણ હેતુસર એક ઉપકરણ દ્વારા સર્વેક્ષણ હાથ ધરાનાર છે. સદરહું બાબતની વિસ્તૃત સમજ આપવા હેતુસર બાયસેગ દ્વારા ટેલીકોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે. સદરહું ટેલીકોન્ફરન્સને નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર, નિયમકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર અને અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર સંબોધશે. જેથી સદરહું ટેલીકોન્ફરન્સ શાળાના મુખ્ય શિક્ષકશ્રી, શિક્ષકો તેમજ સી.આર.સી/યુ.આર.સીઓએ અચુક નિહાળવાનું રહેશે.

**તારીખ : ૧૦/૦૮/૨૦૨૧ને મંગળવાર**
**સમય : ૦૯:૩૦ થી ૧૧:૦૦ કલાક**
**પ્રસારણની ચેનલ : વંદે ગુજરાત-૫**

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૦૯-૦૮-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંક:રાપબો/અવિપ/૨૦૨૧/૬૫૩૨-૯૬

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા.,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર,
તારીખ: ૯ /૦૮/૨૦૨૧.

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષય: તા.૧૦/૦૮/૨૦૨૧ ના રોજ યોજાનાર ટેલીકોન્ફરન્સ નિહાળવા બાબત.
સંદર્ભ: (૧) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા.૩૧/૦૭/૨૦૨૧ના પત્ર ક્રમાંક:રાપબો/સચિવ/શિસસ/૨૦૨૧/૪૧૩૫-૯૨.
(૨) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા.૦૫/૦૮/૨૦૨૧ના પત્ર ક્રમાંક:રાપબો/અવિપ/૨૦૨૧/૬૩૪૭-૯૩.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ-૧ અને સંદર્ભ-૨ થી શિક્ષક સજ્જતાના સર્વેક્ષણ હેતુસર એક ઉપકરણ દ્વારા સર્વેક્ષણ હાથ ધરાનાર છે. સદરહું બાબતની વિસ્તૃત સમજ આપવા હેતુસર બાયસેગ દ્વારા ટેલીકોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે. સદરહું ટેલીકોન્ફરન્સને નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર, નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર અને અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર સંબોધશે. જેથી સદરહું ટેલીકોન્ફરન્સ આપની તાબાની તમામ સરકારી પ્રાથમિક શાળાના આચાર્યશ્રી, શિક્ષકો તેમજ સી.આર.સી.સી./બી.આર.સી.સી. નિહાળે તેવી સુચના આપની કક્ષાએથી આપવા વિનંતી છે.

**તારીખ : ૧૦/૦૮/૨૦૨૧ને મંગળવાર**

**સમય : ૦૯:૩૦ થી ૧૧:૦૦**

**પ્રસારણની ચેનલ : વંદે ગુજરાત-૫**

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

નિયામક
જી.સી.ઈ.આર.ટી.
ગાંધીનગર

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ :

- માન.સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, બ્લોક નં.-૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ.જી.મ.ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., સેક્ટર-૧૨, ગાંધીનગર.
- સચિવશ્રી, સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ.
- પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી, પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ, ગુજરાત.